સાબરકાંઠા, અરવલ્લીમાં ૧ લાખ ખેડૂતોનું સરકારી સહાય માટે રજીસ્ટ્રેશન

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સરકાર દ્વારા આઈ.પોર્ટલના માધ્યમથી ખેડૂતોને અપાતી વિવિધ યોજનાકીય સહાયનો લાભ લેવા માટે બંને જિલ્લાના ૧,૦૪,૯૮પથી વધુ ખેડૂતોએ સહાય માટે રજીસ્ટ્રેશન કર્યું છે. જુદી જુદી ૪૮ પ્રકારની સહાયમાં થયેલ અરજી પૈકી ૧,૦૦,૩૬૨ ખેડૂતોને સહાય મળવાપાત્ર હોવાનું જાણવા મળ્યું છે.રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને આઈ.પોર્ટલ ખેડૂત યોજના હેઠળ જુદી જુદી સરકારી સહાય આપવામાં આવી રહી છે. સહાય મેળવા માટે સાબરકાંઠા જિલ્લાના ૬૮,૭૭૬ અને અરવલ્લી જિલ્લાના ૩૬,૨૦૯ ખેડૂતોએ પોર્ટલના માધ્યમથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જિલ્લામાં મોટાભાગના ખેડૂતો માત્ર ને માત્ર ખેતી ઉપર જ જીવન નિર્વાહ કરતા હોવાથી ખેતીની સીઝનમાં વિષમ હવામાન અને કમોસમી માવઠાના કારણે ખેડૂતોને મોટો આર્થિક ફટકો સહન કરવો પડતો હોય છે જેથી સરકારી સહાય ખેડૂતો માટે મહત્વની સાબિત થતી હોય છે. રાજ્ય સરકારે ૩ માસ અગાઉ યોજનાઓ નક્કી કરી ખેડૂત પોર્ટલ દ્વારા ઓનલાઈન અરજીઓ મંગાવી હતી જેમાં ટ્રેક્ટર, ગોડાઉન, તાડપત્રી, માલવાહક વાહન, પંપ સેટ, હાર્વેસ્ટર સહિત કુલ-૪૮ યોજનાઓનો સમાવેશ કરી ખેડૂતોને લાભ લેવા માટે જણાવ્યું જેમાં બંને જિલ્લાના ખેડૂતોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. શરુઆતમાં ખેડૂતોએ સરકારી સહાય માટે ઓછો રસ દાખવ્યો હતો પરંતુ પાછળથી ખેતી વિભાગના પ્રયત્નો થકી વધુ ને વધુ ખેડૂતો સરકારી સહાય લેવા માટે આગળ આવ્યા. સરકારે નક્કી કરેલી મળવાપાત્ર સહાય ખેડૂતોના સીધા બેંક એકાઉન્ટમાં જ જમા કરવામાં આવશે. જિલ્લામાં આઈ.પોર્ટલ દ્વારા થયેલ અરજીઓ પૈકી સાબરકાંઠા જિલ્લામાં ૬૫,૫૮૭ અને અરવલ્લી જિલ્લામાં ૩૪,૭૭૫ અરજી મળવાપાત્ર હોવાનું ખેતી વિભાગના સૂત્રોએ જણાવ્યું છે. યોજના પ્રમાણે મળવાપાત્ર સહાયની સંખ્યા સાબરકાંઠા ટ્રેક્ટર-૫૨૦૦ તાડપત્રી-૭૨૫૨ કલ્ટીવેટર-૩૯૧૯ પાકસંગ્રહ ગોડાઉન-૬૪૧૯ રોટોવેટર-૫૯૮૬ પંપસેટ-૫૫૦૦ દવા છંટકાવ પંપ-૨૯૭૭ પાઈપલાઈન-૭૩ માલવાહક વાહન-૨૬૨. અરવલ્લી ટ્રેક્ટર-૩૨૭૪ તાડપત્રી-૩૮૬૦ કલ્ટીવેટર-૧૭૬૮ પાકસંગ્રહ ગોડાઉન-૨૬૮૪ રોટોવેટર-૨૪૮૫ પંપસેટ-૩૦૦૮ દવા છંટકાવ પંપ-૧૬૦૩ પાઈપલાઈન-૩૫૪૩ માલવાહક વાહન-૧૩.

હવામાન વિભાગની આગાહી ઉપર ખેડૂતોને વિશ્વાસ નથી

છેલ્લા કેટલાક દિવસથી દેશમાં ચોમાસુ સારૂ તો બીજા દિવસે દેશમાં ચોમાસુ સારું અને ગુજરાતમાં ચોમાસુ નબળું રહેવાની આગાહી થઈ છે. વરસાદ વહેલો જ આવશે તેવી આશા સાથે ધોમધખતા તાપમાં ખેડૂતોએ ખેતરો વાવણી માટે તૈયાર કર્યા છે. ખેતરોમાં ખેડ કરી છાણીયું ખાતર પાથરવાની આગોતરી તૈયારીઓના કારણે સૂમસામ લાગતા સીમાડા ફરીથી ખેડૂતોની હાજરીથી ધમધમી રહ્યા છે. ગુજરાતમાં આઝાદી પછી પણ ખેડૂતોને પર્યાપ્ત સિંચાઈનો લાભ મળતો નથી. ગુજરાતની સ્થાપના પછી પણ ઉત્તર ગુજરાતના ખેડૂતોને સરકાર દ્વારા સિંચાઈના સંપૂર્ણ લાભ અપાયા નથી. જેના કારણે ઉત્તર ગુજરાતની ૬૫ ટકા જમીન આકાશી ખેતી ઉપર નભે છે. સારૂ ચોમાસુ જાય તો જ ખેડૂતોને સારી પાક ઉપજ થાય અન્યથા નબળા ચોમાસામાં ખેડૂતોને જીવન નિર્વાહના ફાંફા પડી જતા હોય છે. જ્યારે છેલ્લા કેટલાક સમયથી દેશમાં નબળા ચોમાસાની હવા ઉભી કરવામાં આવી હતી પરંતુ હવામાન વિભાગ કે સેટેલાઈટ ઉપગ્રહ દ્વારા ગમે તેટલી આગાહી થાય પરંતુ કુદરત વિજ્ઞાન યુગમાં પણ સર્વોપરી હોવાના અનેક પુરાવા આપ્યા છે ત્યારે ઉત્તર ગુજરાત ૪૪ ડીગ્રી તાપમાનથી ધગધગી રહ્યું છે. ખેતસીમાડા સૂકાભઠ્ઠ હોવાના કારણે ઉના..ઉના વાયરાથી ખેડૂતોના લમણા પણ સેકાઈ રહ્યા છે ત્યારે ઉત્તર ગુજરાતમાં જૂનના પ્રથમ સપ્તાહથી મેઘરાજાની પધરામણીના હવામાન વિભાગે સંકેત આપતાં અસંખ્ય ગરમીમાં ખેડૂતોના હૈયે ટાઢક આપતા સમાચાર મળ્યા છે. ખેડૂતોએ સૂકીભઠ્ઠ જમીન કાળઝાળ ગરમીમાં તપાવવામાં આવે તો વધુ પાક ઉપજ મેળવી શકાય તે ઉદ્દેશ્યથી ધોમધખતા તાપમાં ખેતરમાં ખેડ શરૂ થઈ ગઈ છે. કેટલાક ખેડૂતોના જણાવ્યા અનુસાર એપ્રિલ મહિનામાં તાપમાનનો પારો ચરમસીમાએ હશે જેથી જમીન તપવાના કારણે તેની ફળદ્રુપતામાં પણ વધારો થશે.

આકરૂન્દ ગામમાં આજે યોજાશે મફત નેત્ર નિદાન કેમ્પ

સ્વામિનારાયણ મંદિર હોલમાં કેમ્પનું આયોજન

સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ અને અંધજન મંડળના સહયોગથી આજે રવિવારે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મંદિર હોલ, આકરૂન્દમાં મફત નેત્રનિદાન કેમ્પનું આયોજન કરાયું છે. જરૂરીયાતવાળા દર્દીઓને નક્કી કરેલા દિવસે પોરેચા આંખની હોસ્પિટલમાં તદ્દન મફત નેત્રમણી સાથે મોતિયાનું ઓપરેશન કરવામાં આવશે. આ અંગે વિગતો આપતાં ધનસુરા તાલુકા ભાજપ સંગઠન પૂર્વ મંત્રી વિનોદભાઈ ભલુભાઈ પટેલ, આકરૂન્દ ગ્રામ પંચાયતના પૂર્વ ઉપસરપંચ વિનોદચંદ્ર મણીલાલ શાહના જણાવ્યા અનુસાર શ્રી રામભરોસે દાતા તેમજ ટ્રસ્ટ દ્વારા મફત નેત્રનિદાન કેમ્પનું સ્વામિનારાયણ મંદિર હોલમાં આજે આયોજન કરાયું છે જેથી આંખના રોગથી પીડાતા તમામ દર્દીઓએ કેમ્પનો મહત્તમ લાભ લેવો જોઈએ. કેમ્પમાં આંખરોગ નિષ્ણાત તબીબો હાજર રહેશે અને આંખોની ચકાસણી પછી જે દર્દીને મોતિયો આવ્યો હશે તેવા દર્દીઓને પોરેચા ખાતેની હોસ્પિટલમાં તદ્દન મફત નેત્રમણી સાથે મોતિયાનું ઓપરેશન તેમજ મફત દવાઓ આપવામાં આવશે.

જન્મદિને વધામણી



શ્રેયાબેન તેજસ કુમાર શાહ
ગાંધીનગર

મહેન્દ્રસિંહ રહેવાર
પૂર્વ ધારાસભ્ય મોડાસા
સરડોઈ તા.મોડાસા



યોગેશ એમ.સુથાર
ડેમાઈ તા. બાયડ

મંથન પ્રવીણભાઈ ઠેકડી
વલ્લભનગર સોસાયટી
બાયડ

પંકજભાઈ બાબુભાઈ બારોટ
સહ મંત્રી,બાયડ તાલુકા
પ્રાથમિક શિક્ષક સંઘ
બાયડ જીલ્લો અરવલ્લી

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

વડાપ્રધાનનો નિર્ણય આવકાર્ય પરંતુ જમીન સંપાદન કરવું મુશ્કેલ

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૧૫૦ નવા તળાવો બનાવવાનું અભિયાન

દરેક તાલુકામાં સરેરાશ ૧૦ તળાવનું ટાર્ગેટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે દેશના વડાપ્રધાને ગુજરાતની મુલાકાત સમયે દરેક જિલ્લામાં નવા ૭૫ તળાવો બનાવવાના અભિયાનને પરીપૂર્ણ કરવા સૌને અનુરોધ કરતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાનું વહીવટી તંત્ર અને રાજ્ય સરકાર આ મુદ્દે એક્શનમાં આવી ગઈ છે. બંને જિલ્લાના ૧૪ તાલુકામાં તાલુકા દીઠ સરેરાશ ૧૦ તળાવ બનાવવાનો ટાર્ગેટ છે પરંતુ સરકારી પડતર જમીનોના અભાવે તળાવો બનાવવાનું અભિયાન સફળ થશે ખરું..??

આજથી ૧૫ વર્ષ અગાઉ પણ નવા તળાવો બનાવવા માટે અભિયાન શરુ થયું હતું જેમાં દરેક તાલુકા દીઠ માંડ ૧ નવું તળાવ બનાવી શકાયું હતું.

રાજ્યમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મુલાકાત પછી સરકાર અને મુદ્દે એક્શનમાં આવી ગઈ છે. અગાઉની મુલાકાત દરમ્યાન દરેક શાળાઓના જન્મ દિવસ ઉજવવાની તેમને વાત કરતાં રાજ્યના શિક્ષણ વિભાગે પરીપત્ર કરી દરેક શાળાઓને જન્મ દિવસની ઉજવણી માટે આહવાન કરતાં અનેક સરકારી શાળાઓના જન્મ દિવસની ઉજવણી શરુ થઈ છે. તાજેતરમાં ૩ દિવસની ગુજરાતની મુલાકાતે આવેલા વડાપ્રધાને આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે વરસાદનું પાણી તળાવમાં ભરાય, ફોગટમાં વહી ન જાય તે માટે દરેક જિલ્લામાં નવાં ૭૫ તળાવ બનાવવાનો સંકલ્પ લેવડાવતાં રાજ્યની ભાજપ સરકારે આ બાબતે તૈયારીઓ પણ શરુ કરી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા સિંચાઈ વિભાગ દ્વારા પણ કયા તાલુકામાં કેટલાં નવાં તળાવ બનાવી શકાય તેના અંદાજો મેળવવાની અંદરખાને તૈયારીઓ શરુ થઈ છે. સાબરકાંઠા જિલ્લામાં દરેક તાલુકા દીઠ સરેરાશ ૮ થી ૧૦ નવાં તળાવ બનાવવાનું આયોજન વિચારણાધિન છે. અરલી જિલ્લામાં તાલુકા દીઠ ૧૨ જેટલાં નવાં તળાવ બનાવવાનું અભિયાન પણ અમલી બની શકે છે પરંતુ મળતી વિગતો અનુસાર તળાવ બનાવવા માટે સરકારી પડતર જમીન ન હોય ત્યારે ખાનગી માલિકીની જમીનની જરુરીયાત ઉભી થતી હોય છે પરંતુ તેનું સંપાદન કરવું અત્યારે તો અઘરુ લાગે છે પરંતુ સરકાર ધારે તો બુલેટ ટ્રેન માટે જે રીતે જમીન સંપાદન કરી તે જ રીતે નવાં તળાવ બનાવવા માટે ખેડૂતોને જમીનના સારા ભાવ આપવામાં આવે તો દરેક જિલ્લામાં ૭૫ નવાં તળાવ બનાવવાનો ટાર્ગેટ સરળતાથી પાર પાડી શકાય તેમ છે.

નવાં તળાવ અંગે કોઈ પરીપત્ર મળ્યો નથી – સિંચાઈ વિભાગ

સાબરકાંઠા જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગનાં સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે દરેક જિલ્લામાં નવાં ૭૫ તળાવ બનાવવાનું અભિયાન શરુ થયું છે તેવી જાણકારી મળી છે પરંતુ સરકાર અને વિભાગ તરફથી આ અંગે કોઈ પરીપત્ર થયો નથી. જ્યારે સરકારી ગૌચર જમીન સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણે લઈ શકાતું નથી જેથી સરકારી પડતર જમીન હોય ત્યાં નવાં તળાવો બનાવવાનું સંભાવ છે પરંતુ જિલ્લામાં ટાર્ગેટ પૂરો કરી શકાય તે રીતે સરકારી પડતર જમીન ન હોવાનું પણ જણાવ્યું હતું.

નગરપાલિકાઓ પાણીમાં બેઠી : અધિકારી-પદાધિકારીઓની પ્લાસ્ટીકના કપમાં ચાની ચૂસ્કી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

કોઈપણ ચીજવસ્તુ ઉપર પ્રતિબંધના કાયદા બને છે. ગુજરાતી આરંભે સૂરોની કહેવત અનુસાર વધુમાં વધુ એક પખવાડીયું તેનો અમલ થાય છે અને પછી કાયદો ભૂલાઈ જાય છે. ચોમાસુ નજીકમાં છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૮ પાલિકા વિસ્તારોમાં પ્લાસ્ટીકની થેલીઓના પ્રદૂષણે બુદ્ધીજીવી વર્ગને ચિંતામય સ્થિતિમાં લાવી દીધો છે. નગરપાલિકા વિસ્તારોમાં પ્લાસ્ટીક પ્રતિબંધનો કાયદો બનાવનારા ખુદ અધિકારી-પદાધિકારીઓ કેન્સરને નોંતરે તેવા પ્લાસ્ટીકના કપમાં ચાની ચૂસ્કી લગાવી રહ્યા છે.

જિલ્લાની ૮ પાલિકાઓમાં પ્લાસ્ટીકની થેલીઓ ઉપર પ્રતિબંધનો કાયદો માત્ર તાયફો

પ્લાસ્ટીકની થેલીઓના કારણે પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે અને તેના ઉપર અટકાયતી પગલાં નહીં ભરાય તો મહામારી થવાની આશંકા વૈજ્ઞાનિકોએ પણ કરેલી છે. ગુજરાતમાં ખાસ કરીને નગરપાલિકા વિસ્તારોમાં પ્લાસ્ટીકની થેલીઓના પ્રદૂષણે પર્યાવરણ બાબતે જાગૃત છે તેવા લોકોની ઉંઘ હરામ કરી નાખી છે. જિલ્લાના હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ, મોડાસા અને બાયડ પાલિકા વિસ્તારોમાં છેલ્લા ૪ વર્ષથી પ્લાસ્ટીકની ૨૦ માઈક્રોનથી ઓછી ગુણવત્તાવાળી થેલીના વપરાશ ઉપર પ્રતિબંધ લાદ્યો હતો. કેટલીક પાલિકાઓ દ્વારા શરૂઆતમાં જાગૃતતા દાખવી દુકાનો તેમજ લારી, પાથરણાંવાળાઓ પાસેથી હલકી ગુણવત્તાવાળી પ્લાસ્ટીકની થેલી જપ્ત કરી લીધી હતી. પછી માંડ એકાદ-બે સપ્તાહ તેની અસર રહી પરંતુ ત્યાર પછી અત્યંત હલકી ગુણવત્તાની પ્લાસ્ટીકની થેલીઓમાં ગરમા-ગરમ ચા, શાકભાજી, નાસ્તો, કરીયાણું, જયુસ વગેરે ભરીને પ્રજાને આપવામાં આવી રહ્યું છે. પ્લાસ્ટીકના પ્રદૂષણનું વરવું સ્વરૂપ કેવું છે તે જોવું હોય તો પ્રજાએ સવારે ૫-૦૦ થી ૬-૩૦ દરમ્યાન પોતાના નગરના માર્ગો ઉપર નિકળવું જોઈએ તેના ઉપરથી જ ખ્યાલ આવશે કે પોતાના શહેરી વિસ્તારમાં પ્લાસ્ટીકનું દૂષણ કેટલું વકર્યું છે. પ્લાસ્ટીક માત્ર માનવ જાત માટે જ નહીં પરંતુ મૂંગા પશુઓ માટે પણ પ્રાણઘાતક સાબિત થઈ રહ્યું છે. બાયડ, મોડાસા, હિંમતનગર પાલિકા વિસ્તારો ઉપરાંત ધનસુરા અને ભિલોડા વિસ્તારોમાં પણ સરેઆમ ફેંકાતા હલકી ગુણવત્તાની પ્લાસ્ટીકની કોથળીઓ સર્વ જીવ સૃષ્ટી માટે ઘાતક સાબિત થઈ શકે છે. સ્થાનિક વહીવટી તંત્રએ આ અંગે વેપારીઓ તેમજ પ્રજાજનો સાથે મીટીંગોના દોર કરી જીવનમાંથી પ્લાસ્ટીકની થેલીઓને કાયમી દેશવટો આપવાનું આહવાન કરવું જોઈએ જેથી આજથી શરૂ કરાયેલી પ્લાસ્ટીક મુક્ત વતનની ટહેલ ૨-૩ વર્ષમાં ધારી અસર લાવી શકે.

એફોર્ડેબલ હાઉસીંગની સરકારની યોજનાને ગંભીર અસરની દહેશત વધી

જિલ્લામાં સિમેન્ટના ભાવ વધારાથી બાંધકામ ઉદ્યોગ ઉપર બોજ વધ્યો : ૧ મહિનામાં બેગ દીઠ ૬૦ થી ૭૦નો વધારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

મોંઘવારીએ મકાન નિમણને પણ દઝાડવું છે. જિલ્લામાં છેલ્લા ૧ મહિનામાં સિમેન્ટના ભાવમાં બેગ દીઠ રુ ૬૦ થી ૭૦ નો વધારો થઈ જતાં

મધ્યમ વર્ગનું ઘરનું સ્વમ અધુરુ રહી જાય તેવી દહેશત ઉભી થઈ છે. જિલ્લામાં સિમેન્ટના ભાવ વધારાથી ૮૦ હજારથી વધુ નવા મકાનના નિમણને અસર થશે. જ્યારે એફોર્ડેબલ હાઉસીંગની સરકારી યોજનાને પણ સિમેન્ટની વધતી મોંઘવારી દઝાડી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાંધકામ ઉદ્યોગ અનેક વિટંબણાઓનો સામનો કરી રહી છે. ગત મહિને પાલનપુરમાં યોજાયેલી ક્રેડાઈની બેઠકમાં ભાવ વધારા મુદ્દે ગહન ચર્ચા પછી ૪ ૫૦૦ સુધીનો વધારો કરવાનો નિર્ણય લેવાયો હતો. જ્યારે ત્યાર પછી પણ મોંઘવારીનો ડંખ જીવન જરુરી ચીજવસ્તુઓ સાથે મકાન નિર્માણની સામગ્રીમાં જોવા મળ્યો હતો. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામો પૂરજોશમાં ચાલી રહ્યા છે ત્યારબાદ અન્ય બિલ્ડરો દ્વારા હાઉસીંગ સ્કીમો પણ અમલી બનાવી છે પરંતુ સતત વધી રહેલા સિમેન્ટ અને સ્ટીલના ભાવના કારણે ખુદ બિલ્ડરોની ઉંઘ હરામ થઈ ગઈ છે. અનેક બિલ્ડરો સતત દેવાના બોજ તળે દબાતા હોવાના અણસાર પણ સામે આવ્યા છે. બાયડના સિમેન્ટના વેપારીના જણાવ્યા અનુસાર એક મહિના અગાઉ સિમેન્ટની બેગનાં ભાવ ૩૬૫ હતો તે અત્યારે વધીને ૪૪૦૫ થી ૪૨૫ સુધી પહોંચ્યો છે અને આવનારા દિવસોમાં પણ સિમેન્ટના ભાવમાં ભાવ વધારો તોડાઈ રહ્યો છે. સતત વધી રહેલા સિમેન્ટના ભાવ વધારાથી સરકારના વિકાસના કામ કરતા કોન્ટ્રાક્ટરોની હાલત પણ સાપે છછુંદર ગળ્યા જેવી કરી દીધી છે. અનેક કોન્ટ્રાક્ટરોએ કામ અધૂરા મૂક્યાની પણ ફરિયાદો સામે આવી છે.

ગણપત યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટી દ્વારા

નેશનલ લેવલનો હેન્ડઝ-ઓન વર્કશોપ ઓન સેફિસ્ટિકેટેડ ઈન્સ્ટ્રુમેન્ટ્સનું સફળ આયોજન

ગણપત વિદ્યાનગર, તા. ૨૩

ગણપત યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીની કૉલેજ મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ દ્વારા ગઈ તા. ૧૮

થી ૨૦ દરમિયાન ત્રણ દિવસનો એક નેશનલ લેવલનો 'હેન્ડ્ઝ ઓન વર્કશોપ ઓન સોફિસ્ટિકેટેડ ઈન્સ્ટ્રુમેન્ટ્સ' નામનો કાર્યશિબિર યોજાયો હતો.

આ વર્કશોપમાં બે ભાગમાં વહેંચી દેવામાં આવ્યો હતો. (૧) એક્સપર્ટ ટોક અને (૨) હેન્ડઝ ઓન ટ્રેઈનીંગ. ત્રણ દિવસ દરમિયાન ટોકના પાંચ એક્સપર્ટ - સેશન યોજાયા તો હેન્ડ્ઝ ઓન ટ્રેઈનીંગના ચાર સેશન યોજાયા જેમાં અન્ય ઈન્સ્ટિટયુટ્સ અને ઈન્ડસ્ટ્રીના નિષ્ણાંત લોકોએ જોડાઈને વિદ્યાર્થીઓને પોતાના વિશિષ્ટ જ્ઞાન અને અનુભવોનો લાભ આપ્યો હતો.

કુલ ૧૫૦ જેટલા સાયન્સના વિદ્યાર્થીઓએ આ વર્કશોપમાં ભાગ લીધો હતો.

આ ત્રિ-દિવસીય વર્કશોપના ઉદ્ઘાટન સમારોહમાં ગણપત યુનિ.ના પ્રો. વાઈસ ચાન્સેલર પ્રો.ડૉ. આર.કે. પટેલ, ફાર્મસી ફેકલ્ટીના ડીન અને પ્રિન્સિપાલ પ્રો.ડૉ. એસ.એસ. પંચોલી, ચિફ ગેસ્ટ અને બેંગ્લોરની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ સાયન્સના ચેર-પ્રોફેસર ડૉ. પુષ્પેન્દ્ર દાસ, યુનિ.ના સાયન્સ ફેકલ્ટીના ડીન અને પ્રિન્સિપાલ પ્રો.ડૉ. અમિત પરીખ સહિત હાજર રહેલા મહાનુભાવોએ આવા વર્કશોપની અનિવાર્યતા વિષે પ્રેરણાત્મક વિચારો રજૂ કર્યા હતા.

સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. અમિત પરીખે રજૂ કરેલા એમના સ્વાગત અને ભૂમિકા રુપ પ્રવચનમાં જણાવ્યું હતું કે આવા હેન્ડઝ ઓન વર્કશોપનો મુખ્ય હેતુ વિજ્ઞાનના યુવા અભ્યાસુ વિદ્યાર્થીઓ અને સંશોધકોને આધુનિક ટેકનોલોજીના આવિષ્કાર સમા હાઈટેક અને ભારે સોફિસ્ટિકેટેડ ઈન્સ્ટ્રુમેન્ટ (સાધનો-મશીનો) કઈ રીતે ઓપરેટ કરવા તે નિષ્ણાંતો

દ્વારા શીખવવાનો હોય છે. હાઈ પરફોર્મર લિક્વિડ ક્રોમેટોગ્રાફી (HPCL) , યુવી વિઝિબલ,(UV-VIS), સ્પેક્ટ્રોમીટર, ફોરિયર ટ્રાન્સફોર્મ ઈનફ્રારેડ સ્પેક્ટ્રોમીટર (FT-IR) જેવાં મશીનો - ઈન્સ્ટ્રુમેન્ટ્સનો આમાં સમાવેશ થાય છે. આ હેન્ડઝ - ઓન ટ્રેઈનીંગ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસમાં અનુકૂળતા થવા ઉપરાંત એમની ભાવિ કારકિર્દીમાં કાર્યક્ષેત્રે પણ ઊંચી કાર્યદક્ષતા વિકસે છે.

અમદાવાદ યુનિવર્સિટીના એક્સપર્ટ ડૉ. આશુતોષ કુમાર, ઈન્સ્ટિટયુટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચના ડૉ. આલોક પંડ્યા, એથિક્સનેના ડૉ. મનીષ યાદવ અને વેરોકોના ડૉ. મયુર રાવલે એક્સપર્ટ તરીકે આ વર્કશોપમાં સેવાઓ આપી હતી.તો યુનિ.ના સાયન્સ કૉલેજના ડૉ. કેયુર ભટ્ટ અને પ્રો. પ્રશાંત દાસે વર્કશોપની સફળતા માટે ભારે જહેમત ઉઠાવી હતી. વર્કશોપના અંતે ભાગ લેનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ્સ એનાયત થયા હતા.

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાએ સમાજના યુવાનોને ભેગા કરવાનું અભિયાન આરંભ્યુ

બાયડ તાલુકામાં અલ્પેશ ઠાકોરની ખાટલા પરીષદના આયોજનથી રાજકારણ ગરમાયું : ભાજપ ઉપર પ્રેશર ટેકનિક અપનાવ્યાની ગરમા ગરમ ચર્ચા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી સમયસર યોજાશે કે પછી વહેલી યોજાશે..?? તેની અટકળો વચ્ચે ભાજપની ચૂંટણીલક્ષી ગતિવિધિ તેજ બની છે. અનેક વર્તમાન ધારાસભ્યોની ટીકીટ કપાઈ શકે છે તેવો વર્તારો છે ત્યારે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાએ સમાજના યુવાનોને ભેગા કરવાનું અભિયાન આરંવ્યું છે. બાયડ તાલુકામાં આગામી સોમવારથી અલ્પેશ ઠાકોરની ખાટલા પરીષદના આયોજનથી રાજકારણ ગરમાયું છે. કેટલાક અભ્યાસુ લોકો તેને ભાજપ ઉપર પ્રેશર ટેકનિક અપનાવ્યાની ચર્ચા ગણાવી રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગત વિધાનસભા ચૂંટણીમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રદેશ પ્રમુખ અલ્પેશ ઠાકોર રાધનપુર બેઠક ઉપરથી અને ઉપપ્રમુખ ધવલસિંહ ઝાલા બાયડ બેઠક ઉપરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે જીત્યા હતા પરંતુ ત્યાર પછી વર્ષ-૨૦૧૯માં ભાજપમાં જોડાઈ જતાં વિધાનસભાની પેટાચૂંટણી યોજાઈ જેમાં બંન્નેનાં પરાજય થયો હતો. ત્યારબાદ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના આગેવાનોને હોશિયામાં ધકેલાયાની હવા ઉભી થઈ હતી અને હવે વિધાનસભા ચૂંટણીમાં ભાજપ કોને ટીકીટ આપશે..?? જીતેલાની ટીકીટ કપાય તો હારેલાને ટીકીટ ક્યાંથી મળે..?? તેવી ચર્ચા વચ્ચે ઠાકોર ક્ષત્રિય બેલ્ટ એવા બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં અલ્પેશ ઠાકોરની તા.૨૫ મે ના રોજથી ખાટલા પરીષદનું આયોજન કરાયું છે જેમાં ઉંટરડા, છાપરીયા, દેરોલી, મોટીઈન્દ્રાણ, ગોતાપુર અને આંબાગામ ખાતે ખાટલા પરીષદના આયોજનથી સ્થાનિક રાજકારણ પણ ગરમાયું છે. જ્યારે પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા પેટાચૂંટણીમાં પરાજ્ય પછી પણ માલપુર અને બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં સતત લોકસંપર્ક જાળવી રાખતાં ભાજપના ટીકીટ દાવેદારોની શ્રેણીમાં પણ ગણતરી થઈ રહી છે.

પ્રાંતિજ કોર્ટે ચેક રિટર્નના કેસમા સલાલના શખ્સને ફટકારી એક વર્ષની કેદ રૂ.૧૧,૬૦,૦૦૦ દંડ

દંડની રકમના ભરેતો વધુ ત્રણ માસની સાદી કેદની સજા

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાતિજની એડિશનલ કોર્ટે ચેક રિટર્ન કેસમાં સલાલ ના આરોપીને એક વર્ષની કેદ અને રૂપિયા ૧૧,૬૦,૦૦૦ નો દંડ ફટકાર્યો છે.

કેસની વિગત એવી છે કે, પ્રાંતિજ તાલુકાના સલાલ ગામનાં અલ્પેશ કુમાર કાળીદાસ પટેલ તથા સલાલ ગામના પ્રતિક કુમાર જયંતિભાઈ પટેલ એક જ સમાજના અને એકજ ગામના હોઈ મિત્રતાના સંબંધો કેળવાયેલા હતા જે કારણે અલ્પેશ કુમાર પટેલ પાસેથી પ્રતિક કુમાર પટેલે તેઓની જરૂરિયાત મુજબ હાથ ઉછીના નાણાં લઈ જતાં અને વાયદા મુજબ પરત કરતાં હોવાના કારણે પ્રતિક કુમાર પટેલ તથા અલ્પેશ કુમાર નો ગાઢ વિશ્વાસ સંપાદન કર્યો હતો દરમ્યાન પ્રતિક કુમાર પટેલ ને જમીન રાખેલ હતી જેમાટે રૂ ૫,૮૦,૦૦૦ ની રકમ ખૂટતી હતી જે રકમ હાથ ઉછીના તરીકે અલ્પેશ કુમાર પટેલ પાસેથી માંગણી કરી હતી તેઓ વચ્ચેના સંબંધો ધ્યાને રાખી ગઈ તા. ૧૫।૩।૨૦૧૫ ના રોજ અલ્પેશ કુમારે સગાસંબધી તથા મિત્રો પાસેથી સગવડ કરી તેની પિતાની સાક્ષીમા રૂ. ૫,૮૦,૦૦૦ પ્રતિક કુમાર પટેલ ને હાથ ઉછીના તરીકે આપેલ.જે રકમ પ્રતિક કુમાર એ છ માસ મા પરત કરવાનો વાયદો કર્યો હતો અને છ મહિના બાદ વારંવાર ઉઘરાણી થતા પ્રતિક કુમાર પટેલે તા.૨૫।૯।૨૦૧૫ ના રોજનો ધી સલાલ સર્વોદય નાગરિક સહકારી બેંક સલાલનો રૂપિયા ૫,૮૦,૦૦૦ નો ચેક આપ્યો હતો જે ચેક પ્રતિક કુમાર પટેલ ની સૂચના મુજબ ૩।૧૧।૨૦૧૬ ના રોજ બેંકમા રજુ કરતાં, અપૂરતાં ભંડોળ ને કારણે પરત થતા પ્રતિક કુમાર પટેલ નોટીસ આપી હતી તેમ છતાં પ્રતિક કુમાર એ હાથ ઉછીની આ રકમ પરત ના કરતા અલ્પેશ કુમાર પટેલે આ કામના આરોપી પ્રતિક કુમાર જયંતિભાઈ વિરુધ્ધ પ્રાંતિજ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી જે કેસમાં ફરિયાદી અલ્પેશ કુમાર પટેલ તરફે એડવોકેટ કે.ટી.પટેલ દ્વારા ધારદાર દલીલો કરતાં પ્રાંતિજના એડિશનલ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ બી.જી. સોલંકીએ આરોપી પ્રતિક કુમાર જયંતિભાઈ પટેલ રહે સલાલ તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠા ને તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા તથા રૂ.૧૧,૬૦,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો તો દંડની રકમમાંથી રૂ.૫,૮૦,૦૦૦ ફરિયાદી અલ્પેશ